બેસતા વર્ષની



ગમ્મત









([illegible])

રચનાર અને પ્રસિદ્ધ કરનાર

લેખક ભગવાનદાસ ભોગીલાલ ધ્રુવ

ઠે જમાલપુર ચકલા—અમદાવાદ

સંવત ૧૯૭૪ આવૃત્તિ પહેલી સને ૧૯૧૮

આ ચોપડી લેખક ભગવાનદાસ ભોગીલાલ ધ્રુવે [illegible]

શ્રી ધ્રુવ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપી.

મુલ્ય ૧ આનો

બેસતા વર્ષની ગમ્મત !

દિવાળીની રાતે એટલે લક્ષ્મિ-પૂજનનો ઉત્સવ વીત્યા બાદ એક ગૃહસ્થ પૈસાદાર તો નહિં પણ પરાણે એક બાયડી અને એક છોકરાનો વસ્તારી ગમ્મતપ્રસાદ કંઈ કારણસર મધ્યનિશાએ ઉંઘમાંથી ઉઠ્યો, પરંતુ મહાવરો દિવસનાં થાકને ભુલી જઈ પથારીમાંથી બેઠો થઇ વિચારે છે, સાળુ કાંઇ ગમતું નથી! તરતજ ચિરંજીવી મફતલાલ પડખે સાતવર્ષની ઉમ્મરના સુતેલા જાગ્યાં! ગૃહસ્થે નિશ્વાસ મુક્યો, હત તારી! મારી તો ઇમારત તુટી ગઇ, મફતીયો કહે, એ બાપા! બેઅવાજી ટેટા! પેલા ફટાકા, ધનનન ભમ! ફુલઝરણીઓ સુરસુરસુ સુરરર...! કોઠી ફુર......! કાતરા સુર...સમ! બપોરીયા લા...લ ને લીલાલીલાલીલા! ગૃહસ્થ કહે, રહે રહે હવે બહુ-ચુપ! આટલી બધી મોઘવારીમાં લોકોના જીવન ઉથલપાથલ થઇ જાય છે અને તું વળી ક્યાં અત્યારે ભીલુકને ઘેર આ બધી શાહુકારી બતાવે છે? છાનો રહે બેટા, ચુપ કર બેટા! મફતીયો કહે, નહિ બાપા! બેઅવાજી ટેટા! ગુસ્સાનો માર્યો ગૃહસ્થ-મહારાજ કુંવરને કેડે બેસાડી બેઅવાજી ટેટા લેઈ ચડયો માળાના દાદરે! તો ઉપલા ભુવનમાં ગોટાળા નજરે જન! પતિવ્રતા પત્નિના ભરોસે જીંદગાનીની મેમાની આજ વેરાઈ ગઈ, શું આ હું દેખું છું? મફતીયાને હેઠે ઉતાર્યો. તે બોલ્યો, બાપા-મા! મ્હારે અગાસીએ ચઢી બેઅવાજી ટેટા છોડવાં છે. અરે છોડ [illegible] એ મા ત્હારી કે મ્હારી? ક્રોધના આવેશે ગભરાયલો બાપે કંઇ લીધું ખાધું જોઈને દોડયો સ્ત્રી તરફ. તો ગૃહિણી ઘરનાર બિચારી અજાણ શુદ્ધ કાચા સોનાની પુતળી સંસાર વહેવારના અતુલ ખટલાના બોજે દબાએલી ફુરસદનો [illegible] સ્નાન સંધ્યા દેવસેવાથી

પરવારી પતિ પૂજનની અભિલાષીણી સન્મુખ દર્પણ મેલી કુંતલ સમારી રહી છે! વાર્તાના નાયક ગમ્મતપ્રસાદે કૃષ્ણપરમાત્માની મુર્તિનાં પ્રાતઃમાં દર્શન, માથું ઓળતી મહિલાની સાથે દર્પણમાં એવાં ન્યારા કર્યા કે સર્વસ્વ ભુલીને તરવાર બરછી ભાલો બંદુક કે ગુપ્તિ ક્યાંથી લાવે? પરંતુ બાપદાદાએ વસાવેલો એક જુનો દોઢ ફુટ લાંબા હાથાનો આગલા સારા અવસરે કોઈ લુહારનો ગીરવી રાખેલો દોઢશેરનો હથોડો શોધી લાવી માર્યો આયના ઉપર! છોકરા અવાજની સાથે નાઠો, કુળવધુ કામની જુડી બાઈ ચમકયાં! ચાટલુ ફુટી ગયું, શ્રીકૃષ્ણ આજે સાહસ જોઇ હસ્યાં! ગુપ્તવાણીનો ધ્વનિ–પ્રકાશ ગમ્મતપ્રસાદના હૃદયે થયો, ઠીક છે, આ એસતા વર્ષની ગમ્મત!

મસ્ત પાડોશમાં સદાશંકરને ઘેર જઈ રોતા મ્હેરે ઉચ્ચારી રહ્યો, ઓ કાકા! ચાલો ચાલો મારા બાપા તો ગાંડા જેવાજ બની ગયા છે! સદાશંકર કહે, અલ્યા શું કહે છે? ખરેખર ગાંડાજ? પાડોશી સાધારણ સ્થિતિના આશરે એક હજારના માલીક છે પણ બાલબચ્ચામાં હસ્તે પોતે અને અર્ધાંગના વિજીયા મળીને આખા ઘરમાં બે મુર્તિનો પરિવાર છે. વિજીયા કહે, નાથ હેંડો તપાસીએ, મ્હેં જોયું નથી, મને દેખાડો, એ ગમ્મતપ્રસાદ ગાંડા બનીને શું કરે છે? હમણાજ એક ભારે અવાજ આવ્યો હતો.

સદાશંકર કહે, છોકરા બતાય! પધાર્યા ત્રણે અકસ્માતી ભુવનમાં, ગમ્મતપ્રસાદ! અત્યારે અર્ધ રજનીએ શાંત જગત છે, ચારે દિશામાં પ્રાણિઓ પોતપોતાના આત્મક વ્હેવારે મસ્ત બનેલા જ્ઞાન દ્રષ્ટિએ જણાય છે. વળી દિવાળીના આનંદી સમયે અમને ઈશ્વરે કાંઈ સંતતિ આપી નથી, નહિં તો અમે એવાં શોખીન જીવડા છીએ કે બાળકીનાં હાથમાં ફુલકણી આપી, છોકરાને હાથે ફટાકા ફોડાવીએ. બે શ્લોક

પછી નુતન વર્ષની શરૂવાત થશે. મહેરબાન! આ શું તમે ટેંખળ મુકી બેઠા છો? જુડીબાઇ કહે, બહુ બહુ બ્હેન! સર્વેશ્વરે અમને સંપુર્ણ સુખ! આ ચકરમ પતિનાં ઉત્પન્ન થતાં વિચારનું સંમેલન કરવાનું મારી પાસે કંઇ સાધન નથી! પરણીને પસ્તાઇએ તો સ્વયંવરની કે પતિવ્રતા ધર્મની શી જરૂર? આ હું પતિ સેવનની તૈયારીમાંજ હતી ને બલાત્કારે ક્યાંથીએ કલંકી વાદળુ નમુનાદાર નાથના હ્રદયાકાશપર ચઢીને આવ્યું! કે સાથે ગુસ્સાના તણાયા આવી હથોઠે ચાટલુ ફોડી, મને ડોળા કાઢી ડરાવતા પુછે છે, ક્યાં ગયો પરપુરૂષ? મ્હેં કહ્યું, સ્વામિ! આ અઘટીત વચન મને લાયક નથી! હું મારા ભર્તારને ભુલી અવરની સોબતે ગાડી ઘોડા ને મોટરે ચડી હવા ખાનારી દુરાચારી નથી, પરંતુ સંસાર ચક્ર અને જીવન ચક્રનાં બે પૈડા બનાવી ભક્તિ નાવમાં પુજ્ય પતિને સંગે બેશી કુદરતી માયા—જળપર તરનારી તરૂણી છું, અરે સત્ય અને નીતિમય વિચારોની શ્વાસ—દ્વારા આત્મિક હિતકર હવાનું પાન કરનારી આપને ઘેર પરણી છું! પુછ્યું, પરપુરૂષ કોણ? તો જવાબ દે છે, સદા— હું સમજી ગઇ, સદાશંકર! આપૂત બધી તમો આવ્યા એટલે ગાંડપણની સાથે ગઇ, ઘરાઇ ગઇ. ગમ્મતપ્રસાદ કહે, ચાલો એ બધા વેરાઇ જાવ, ભયંકર ભુલની સાથે બેસતા વર્ષની ગમ્મત! આર્ય ધર્માનુસારે સતિ જુડી બાઇએ સ્વામિ પુજન કર્યું, બ્હારથી આવેલા બ્હાર ગયા, અને અંદર જુડીબાઇએ નિત્યકર્મ હાથમાં લીધું, મજતીયો કહે, આ બાપારે...બે અવાજી ટેટા! ગમ્મતપ્રસાદ કહે, અરે હા ચાલ બેટા!

થોડીકજ વારમાં ભૂપર ભાનૂ પ્રકાશી નુતન વર્ષ બેઠું. દરેક સજ્જન શુભકર્મમાં પ્રવર્તાવા લાગ્યાં, દુર્જન પોતાના મનને માનેલા અનીત કાર્યોમાં પ્રવાસી બન્યાં, મંદિરોમાં સત્સંગે સંત સાધુઓ સ્તવન

કરી સર્વેશ્વરને પ્રસન્ન કરવા મંડયા. નર નારી ગંગાસ્નાને ચાલ્યાં, એટલે પાડોશમાંથી નિકળ્યા અને સદાશંકર સરિતાપર પ્રયાણ કરી ગયાં. ગમ્મતપ્રસાદ પણ પાણીમાં મધર તરે તેમ ઉમદા પ્રકારનું તરવાનું જ્ઞાન ધ્યાન ધરાવતા હતા. તે પણ તબીયતને છેડે વળગણીપર નાખેલા કપડામાંથી આછા અજવાળે સ્ત્રીનો નવી ફેશનનો ટુંકામાં સફેદ સાળુ ઉતાવળે લેઈ આવ્યાં બરાબર બારણાના મધ્ય ભાગમાં, તો સન્મુખ દીઠો ફતેહચંદ મારવાડી! ઉમ્મરમાં તો બન્ને સરખા હતા, પરંતુ તે એવા આકરા અંકડાનો માલીક હતો કે ગણી શકાય નહિં, નામ નિરાંજ ગુણ પારદર્શક હતાં, જ્યાં જાય ત્યાં ફતેહ! બીજા બધાને ફતેહચંદ ફતેહરૂપ ત્યારે ચંદ્રને રાહુ અવળો ફરી વળે તેમ ગમ્મતપ્રસાદને કર્મ-કક્ષાનાં લક્ષ્ય-બિન્દુથી આદવેર હતું કે બનેજ નહિં અને બને તો પરિણામે કાંઇ નવાજુની! જોતાંજ ગમ્મતપ્રસાદનું મ્હોડું હાથમાંથી છટકી ગએલા ઉંદરરૂપી શિકારના શોકથી બિલાડાનું બની જાય એમજ અને એવુંજ થઇ ગયું! ફતેહચંદ કહે, શું ભાઇસાહેબનું વર્ણન કરૂં? કહ્યું મ્હેં રામ રામ! ત્યારે કહે છે, અત્યારે શું આવી પડ્યું છે કામ-કે પ્રાતઃસમયેજ રામ રામ? હું આ વખતે સંતોષી અને પાકો જાતિસ્વભાવે કંજુસ બની સમજી ગયો કે ખરેખર આને આજે હું નકામો થઈ પડયો, ચાલ જીવ સીધો ઘેર, પણ ઘેલીનો ખુદ પોતેજ ભુલી ગયો છે, પંચીયાને બદલે બાઇડીનો સાલ્લો લેઈ નદીએ જાય છે. ઠીક છે-ગમ્મતપ્રસાદ! આજે તો બેસતા વર્ષની ગમ્મત છે! મારવાડીએ ઘરની દિશા ઝાલી એટલે મહારાજ તરતજ ભુવનમાં મુખે બડબડતા દાખલ, હેત ત્હારૂં અબઘડી ભરાય પેટ અને તને ઝાડો થાવરે મારવાડી! સવારના પહોરમાં તું કયાંથી નજરે પડયો? અને આવ્યો ત્યારે કાંઈ ભારે કામ લેઇને, ઉછળતુ અને ખખડતુ પાણીદાર નાળીએર

કહ્યું જવાબમાં! ત્યારે ગયો નિરાશ થઈને! ઘુરકયો ઇંગ્રુજ દેવ લબાડી, દૈત અન્યાઈ, તદ્દન અનઉપયોગી! ઘુરાય ત્યારે ૨ પૈસાની પોતી. ૮ ફદીયાનું શેર માસ્તાકનાના હાથે શીવેલું પેહેરણ અને ૫ ઘડી પુરી ૩ ઘુઘરીયાની! એટલે તેરાર ગેળ કરીને ચાર કે ઘુંટણને બસ્તાન શીશક ત્વ. ફગાવાનો સરદાર, ગઠીયાનો સુપરવાઇઝર! નાગુના એકઝીક્યુટીવ ઝમેલહીજ ગુમ! ફકત ઉધારનીજ સાથે તે પણ ના ચુકે! ખરી વાતે આ દેશના બેકાર એવાજ દેશીમજુરોએ તીક્ષ્ણ તલવારની ધારજેવો અને બારીક બતાવી દીધો છે કે મ્હારૂં ભીખ માગતાએ પુરૂં થતું નથી. વખત ખોટો આવ્યો, કળિયુગ જેમજેમ ઘુમતા બજાવશે, તેમતેમ બધેને હુન્નર ઉદ્યોગની ચડતી નજરે જણાય પરંતુ સત્ય ન્યાય અને વિદ્યાનું તેજ કે રહસ્ય કીયા માર્ગે અલોપ થશે તે કહેવાને લગાર વાર છે. મહારાજ તો સીધા આરામ બાવળનું દાતણ શોધી કહાડી ચાવતાં પેલું કીમતી વસ્ત્ર બગલમાં ઘાલી સરિતા કિનારે ચાલતા થયા, રસ્તે સદાશંકરની ભેટ થઈ! સદાશંકર કહે, ભાઇ રાતે તો તમે હદ કરી, અહીં સાચુ બોલો મારા ઉપર શક શાથી ગયો? મહારાજે કહે, મિત્ર! રાત્રે સન્મુખની કૃષ્ણપરમાત્માની વિવિધ રંગના વસ્ત્રથી શણગારેલી મુર્તિનું પ્રતિબિંબ મેં માથું ઓળતી જુઠી સાથે આયનામાં જોયું, તેથીજ અટકળે જાણ્યું મારી પત્નિ કોઇ પરપુરૂષ સાથે વિનોદ કરે છે, અસહન અચંબોના અકસ્માત નિહાળી ભય અને ગુસ્સાના પાવરથી આકુઅવળુ શોધન કરી અચડ હથોડો હાથે ચડયો કે તરત ઉપાયને લગ્નતાપર અજમાવી ફોડી નાંખ્યો, થએલી ભુલના પરિણામે તમે યાદ આવ્યાં, અંતે ફજેતી! તરતજ તમે તો મસ્તીખોરની સાથે બ્હારથી પધાર્યા, સાળુ એ બધું એમ ઉંધુજ ફુટાઇ ગયું. સદાશંકર કહે, ભાઇ એટલુંએ ભાન રહેતું નથી ત્યારે અર્ધી રાતીએ ઉઠો છો કેમ? રાતે

હદ કરી અને અત્યારે સત્ય કહો છો તેથી પાછી વધારે બેહદ કરી! રાતે રમત કરી અને અત્યારે બેસતા વર્ષની ગમ્મત કરી, જાઓ છો નદીએ? મહારાજ કહે, હા ભાઈ જરા સ્નાન કરવા. આગળ જતાં હેર કટીંગ સલુનના માલીક વલીભાઈ મળ્યા, ગમ્મમતપ્રસાદ! લ્યો. મહારાજે જાણ્યું કાંઈ દક્ષણા આપે છે, હાથ લાંબો કરતાની સાથેજ આ શી હાથ આવી ગઈ. વલીભાઈ કહે, કહું કે દોસ્ત? મહારાજ કહે, જેજે ફેર સમજતો, ત્હારો અને મ્હારો ધંધો એકજ છે! જ્યારે કંકુ કંકાવટી ને કુમકુમ લેઈ પધારૂં ત્યારે લેણ દેણનો હિસાબ અને સરવાળો ચુકદે જણાઈ આવશે. વલીભાઈ કહે, એ તો બધું ઠીક! પણ મિત્ર આજે તો તેં ભારે ગમ્મત કરી. મહારાજ કહે, કેમ? વલીભાઈ વિચારે છે, મારો બેટો બાઈડીનો સાલ્લો પંચીયાને બદલે નદીએ બદલવા લેઈ જાય છે, છે પુરણ પાગલ! લાંબા ટુંકાનીએ ગમ નથી. શું કરે એ વાંક નવા જમાનાનો! આ દાઢી, આ ચહેરો, મિત્ર! હનમતજ ભુલી ગયો! મહારાજ કહે, ત્યારે જા આ પણ ભેગુ ભુલી જા! કોથળી લાવ્યો હોય તો લે ત્રણ પૈસા ખુંજમાં છે, ચાલ બેસી જા! હજુ તો હું નાહ્યોએ નથી, વલીભાઈ કહે, ભાઈ આજે તો બેસતા વર્ષની ગમ્મત છે! તરવા પડો તો પાણી જોઈને પડજો, ફરીને અવાય કે ન અવાય, માટે આ લેતા જાઓ. મહારાજ વાંચે છે.

મુબારક કાર્ડ!



હાથે હાથ મળે આજ, નવલ વરસ મુબારક;
જે છે તમને મુબારક, એ સૌને મુબારક!

લી. વલીભાઈ!

અહોહો! ખુબ લાયો, અરે લેલે પાછો આવ્ય, હાથ તો મેળવ! સેકન્ડહેન્ડ કરીને વલીભાઈ બોલ્યો, મિત્ર! આથી તો મહોબ્બત જુની ગણાય એ નિર્વિવાદે તાજો જમાનો સાફ જણાવે છે, મોટે- ભુખા મહારાજ ત્રણે પૈસા આપી ચાલ્યા, ગયા ગયા રામદાસના આશ્રમમાં, સિતારામના મંદિરમાં! સંતો સર્વ મળી આસનપર સર્વોત્તમ ભાંગને ઉછાળી ઉછાળીને ગાળી રહ્યાં છે. આવો ગમ્મતપ્રસાદ બેસો! મહારાજે તો માનની સાથેજ ઝટ આસનપર બિરાજી વ્હેંચાઇ તે વિજીયાનું એક કોરાણે બેશી પાન કર્યું. પછી શું પુછો છો? ગમ્મતપ્રસાદનું મગજ ચકડોળે ચડયું અને ચિત્ત ચાકની ફેશન બરાબર ચક્કર ચક્કર ફરવા લાગ્યું, મનમાં વિચારે છે તો સન્મુખ ફતેહચંદ મારવાડીનાં અગમ્ય દર્શન!

મહાત્મા કહે, અરે સુન્દો! સારૅ મીલકે ધમપછાડી ક્યોં કરતે હો? દેખો, આજ ગરબે ભયંકર અરજી ઉપદેશ દેના થોડી અપના કર્ય હૈ. સદ્‌ગુરૂ કહે દેના, જો કાલીચાદશકી રાત્રીમેં ભૂત-સાધના વાસ્તે નિર્દય શ્રમણકે નિષ્ફલ પર્જન્ય કરતે હૈ, ઉસેસે હિન્દુકો બચાના ચાહીએ, ઔર વ્યસન! નિષેદ્ધ કરના ચાહીએ, કોઈ આજકલ કોઈ એસેકી નિર્ધન હોઇ નવલ વર્ષકે દિન ભુખે સુખે જુદે ટુકડે વાસ્તે દેશાટકે પ્રત્યદાન કરનેકા અમુલ્ય વખત ગુમાતે હૈ! મહારાજને તો સજ્જડ ચોર વાગી ગઈ! મારણ પાસે ઘેર પણ એક પાઇ સીલકમાં નથી. એ પોતે ઘણી સારી રીતે જાણે છે, જે જુલીબાઇ પાસે હોય તો તે જાણે' મહાત્મા કહે, ગમ્મતપ્રસાદ નહીંએ જશો કે? અહાહા! (સાળપર દ્રષ્ટિ) ક્યા કમબખ્ત પનોતી લેકર આયા હૈ? શોચ મત, ગેલબી એક ભયંકર ભૂલ! નકટકી આદત હૈ, ચલોં કહેતે સાથકી! ચલે! જાનેદો અપને ક્યા? ગમ્મતપ્રસાદ કહે, હા બાપજી! મહાત્મા કહે, આજે તો બેસતા વર્ષની ગમ્મત છે! વાતોના વિહારી દાતણ તો અર્ધું ચાવી ગયાં અને લીલ ઉતારી ફેંકી દીધું, આમ નદીના ઘાટ ઉપર સ્ત્રીઓના ટોળામાં, થએલી ભૂલને ચેતવનાર કોઇ ન મળ્યું. આખરે સફેદ પુરૂષોનાં ધોતીયા પાણીમાં મચમચાઇ સાબુથી સાફ કરવાને લેઇ આવેલી સ્ત્રીઓ તેને પહેરીને અન્ય વસ્ત્ર કંઇ જળમાં નિચોવે છે તો કંઇ પત્થરપર ધુએ છે! ગમ્મતપ્રસાદ વિચારે છે, સાળુ મોડુ થયું. પુરૂષવર્ગ તો જણાતોજ નથી, કારણ પરસ્ત્રીને દેવદર્શને ચાલ્યો ગયો, એકઝેટ આઠ વાગ્યાં હશે તો પછી તેઓ અહીં મ્હારી જોડે આ સ્ત્રીઓના ટોળામાં પુરૂષ પંક્તિના ગણાવા કયાંથી હાજર હોય? પજેતી કાંઇ થોડી છે? પંચ પચીશ સ્ત્રીઓમાં હું એકલો! આસપાસ નજર કરે છે તો પાડોશમાં વિદ્યા બ્હેન દીઠાં, અહો વિદ્યા બ્હેન! વિદ્યા બોલી, ભજવું તમે તો આળસુના પીર છો,

જ્ઞાન સાહિત્ય અને સંગીત વિલાસ.

૩ પ્રકારમાંથી હરકોઇ એકેકજ પ્રકારના ગ્રાહકને નામ એક માસે પૃષ્ઠ ૩૨, વાર્ષિક રમુજી ભેટ સાથે પૃષ્ઠ ૫૦૦ નું આપનામ. આવશે. એક પ્રકારનું મુલ્ય રૂ ૧-૮-૦ ત્રણેના ૧ પ્રકારના રૂ ૩-૦-૦

આ વાર્તાની શીલમજા ૨૪ પાના બાકી છે તો તાકીદ દોઢ આનાની પોસ્ટની ટીકીટ મોકલી નામ નોંધાવો.

લખો—આ વાર્તાના લેખક-

ભગવાનદાસ ભોગીલાલ શાહ ઠે. જમાલપુર—અમદાવાદ.